RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 281, Dt.16-01-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મથુરામાં શાહી ઈદગાહના સર્વે પર સુપ્રીમ કોર્ટની રોક



## સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે લગાવ્યોઃ હિન્દુ પક્ષની માગ સ્પષ્ટ નથીઃ આ કેસની હાઈકોર્ટમાં સુનાવણી ચાલુ રહેશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મથુરાના શ્રી કૃષ્ણ જન્મભૂમિ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી હિન્દુ પક્ષને મોટો આંચકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના એ નિર્ણય પર રોક લગાવી દીધી છે, જેમાં શાહી ઈદગાહના સરવે માટે કોર્ટ કમિશનરની નિમણૂક કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૩ની ૧૪ ડિસેમ્બરે અલ્હાબાદ હાઈકોર્ટે મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરની બાજુમાં આવેલી શાહી ઈદગાહ સંકુલના સરવેની મંજૂરી આપી હતી, જેની સામે મુસ્લિમ પક્ષે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે આ કેસની સુનાવણી હાઈકોર્ટમાં ચાલુ રહેશે, પરંતુ સરવે કરાવવા માટે કોર્ટ કમિશનરની નિમણૂક પર વચગાળાનો સ્ટે રહેશે.

આ સાથે સુપ્રીમ કોર્ટે હિન્દુ પક્ષ પર સવાલ ઉઠાવતા કહ્યું કે 'તમારી અરજી ખૂબ જ અસ્પષ્ટ છે અને તમારે સ્પષ્ટપણે જણાવવું પડશે કે તમે શું ઈચ્છો છો. આ સિવાય આ કોર્ટમાં ટ્રાન્સફરનો કેસ પણ પેન્ડિંગ છે. અમારે તેના પર પણ નિર્ણય લેવાનો છે'. મથુરા કૃષ્ણ જન્મભૂમિ સાથે સંબંધિત ૧૮ અરજીઓને મથુરા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાંથી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા પર રોક લગાવવાની માંગ કરતી મુસ્લિમ પક્ષની અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ મુસ્લિમ પક્ષ વતી ઈદગાહ કમિટીએ પણ કોર્ટ કમિશનરની નિમણૂક મામલે હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુકવાની માંગ કરી છે.

# ૨૨૯ વર્ષ સુધી વિશ્વમાં ગરીબી ખત્મ નહીં થાય

## દાહોસ ખાતે યોજાયેલ વૈશ્વિક આર્થિક બેઠકમાં અભ્યાસ પેપર રજૂ કરાયું

**મુખ્ય સમાચાર, દાવોસ**



વિશ્વમાં ભારત સહિતના દેશમાં ગરીબી હટાવવાના નારા સાથે એક બાદ એક સરકારોના વચન વચ્ચે પણ અમીર અને ગરીબો વચ્ચેની ખાઈ વધતી જાય છે અને એક તરફ ૨૦૨૦ બાદ વિશ્વના પાંચ અમીરોની સંપતિ ડબલ થઈ છે.

તો બીજી તરફ પાંચ અબજ લોકો ગરીબ થયા છે. સ્વીટ્ઝરલેન્ડના દામોસમાં ચાલી રહેલી વર્લ્ડ ઈકોનોમીક ફોરમની વાર્ષિક બેઠક પુર્વેના વિશ્વમાં આર્થિક સમાજના વર્ગનો જાહેર કરેલા એક રિપોર્ટમાં આ કરૂણ વાસ્તવિકતા દર્શાવાઈ છે.


રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વિશ્વના પાંચ સૌથી અમીર લોકોની સંપતિ ૨૦૨૦થી આજ સુધીમાં ૪૦૫ અબજ ડોલરથી વધીને ૮૬૯ અબજ ડોલર થઈ છે અને તે સમયે જ વિશ્વમાં ૫ અબજ લોકો ગરીબીમાં ધકેલાઈ ગયા છે.

વિશ્વમાં આર્થિક સમાનતાની શકયતાઓ હવે વધુ નબળી પડી છે અને આજ સ્થિતિથી આગામી ૨૨૯ વર્ષ પુરા વિશ્વમાં ગરીબી ખત્મ થશે નહી તેવું તારણ આ રિપોર્ટમાં અપાયું છે.

# ગર્ભગૃહમાં રામલલ્લાની શ્યામલ પ્રતિમા બિરાજશેઃ આજથી અનુષ્ઠાનનો આરંભ

## આગામી તા.૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામલલ્લાનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

**મુખ્ય સમાચાર, અયોધ્યા**



અત્રે રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા ૨૨ મીએ યોજાનાર છે.ત્યારે આજથી રામમંદિરમાં પૂજા વિધીનો આરંભ થઈ ગયો છે.યજમાન કે અનિલ મિશ્રનાં દશવિધી સ્નાનથી અનુષ્ઠાનનો પ્રારંભ થશે. પ્રતિમા નિર્માણ સ્થળ પર કર્મકુટીનું પૂજન થશે સાંજે પ્રતિમાનાં નિર્માણ સ્થળ કર્મકુટીનું પૂજન થશે. સાંજે પ્રતિમા નિર્માણ સ્થળે વિવેક સૃષ્ટિમાં હવન થશે.૧૮ મીએ ગર્ભગૃહમાં રામલલ્લાની પ્રતિમા તેના સ્થાને સ્થાપિત કરવામાં આવશે. શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટનાં મહાસચીવ ચંપતરાયે જણાવ્યું હતું કે રામલલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાનું અનુષ્ઠાન તો મંગળવારથી જ શરૂ થઈ રહ્યું છે.

અયોધ્યામાં ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારી ઉત્સાહપૂર્વક ચાલી રહી છે. મંગળવારથી પૂજાવિધીનો પ્રારંભ થશે.જે ૨૧ જાન્યુઆરી સુધી ચાલશે. શ્રીરામ જન્મભૂમી તીર્થક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપતરાયે સોમવારે પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારીઓ અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

૨૦ અને ૨૧ જાન્યુઆરીનાં રોજ રામલલ્લાના દર્શન બંધ રહેશે.જોકે હાલ તેના પર વિચારણા કરવામાં આવી રહી છે. રામમંદિરના આચાર્ય અને પૂજારી જ અંદર ઉપસ્થિત રહેશે આવુ એટલા માટે કારણ કે પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારીઓને લઈને અસુવિધા થાય નહી ૨૧ જાન્યુઆરીથી તમામ લોકો રામલલ્લાનાં દર્શન કરી શકશે.

ચંપતરાયે જણાવ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠાનાં સમયે ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સ્વયંસેવક સંઘના સર સંઘચાલક મોહન ભાગવત, શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટના ચંપતરાયે જણાવ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠાનાં સમયે ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સ્વયંસેવક સંઘના સર સંઘચાલક મોહન ભાગવત, શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્યગોપાલદાસ, ઉતરપ્રદેશના ગવર્નર આનંદીબેન પટેલ, અને મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ ઉપસ્થિત રહેશે

પ્રાણ પ્રતિષ્ઠાનાં કાર્યક્રમને ૬૫ થી ૭૫ મીનીટનો સમય લાગશે પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થશે ત્યારબાદ બપોરે અઢી વાગ્યા પછી સંત, મહાપુરૂષો, અને આમંત્રીત મહેમાનો દર્શન કરવા મંદિરમાં પ્રવેશ કરશે.

આમંત્રીતોએ સવારે ૧૦ અને ૧૦-૩૦ કલાકે મંદિરમાં પ્રવેશ કરવો પડશે અને પરત જવામાં સાંજે પાંચથી છ કલાક પણ વાગી શકે છે.મંદિરમાં આવનાર આમંત્રીતો માટે લ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી છે,૨૨ તારીખે ૨૫ થી વધુ ચાર્ટડ પ્લેન આવવાની શકયતા છે.

ચંપતરાયે જણાવ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠાનાં પવિત્ર સમારોહ માટે કર્મકાંડ વિદીની આખી વિધી વારાણસીનાં લક્ષ્મીકાંત દિક્ષિતના નેજા હેઠળ થશે.ગણેશશાસ્ત્રી દ્રવીડ અને લક્ષ્મીકાંત દિક્ષિત બન્ને પોતાના ક્ષેત્રમાં દિગ્ગજ છે.

સતાવાર સુત્રોના કહેવા પ્રમાણે મંદિર ટ્રસ્ટ દ્વારા ૭૦૦૦ થી વધુ લોકોને આમંત્રીત કરવામાં આવ્યા છે.જેમાં ભૂતપૂર્વ ક્રિકેટર ઉપરાંત સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અને અબજોપતિ ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી સામેલ છે.

# મની લોન્ડરિંગના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ભારતમાં નવ એપ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




ગૂગલ દ્વારા ગૂગલ પ્લે સ્ટોરમાંથી ઘણી એપ હટાવી દેવામાં આવી છે. જે એપને દૂર કરવામાં આવી છે તેમાં ૯ ક્રિપ્ટો એપનો સમાવેશ થાય છે. જો તમે તમારા ફોનમાં ક્રિપ્ટો એપનો ઉપયોગ કરો છો, તો તમારે આ એપને ફોનમાંથી ડિલીટ કરી દેવી જોઈએ, કારણ કે આ એપને સત્તાવાર રીતે ગૂગલ પ્લે સ્ટોર ઈન્ડિયા પરથી દૂર કરવામાં આવી છે. ગૂગલે જે એપ પર કાર્યવાહી કરી છે તેમાં Binance અને Kraken જેવી એપનો સમાવેશ થાય છે.

ગયા મહિને ડિસેમ્બર ૨૦૨૩માં ભારતીય નાણા મંત્રાલયના ફાઈનાન્સિયલ ઈન્ટેલેકચ્યુઅલ યુનિટ (FIU) દ્વારા એક ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ એપ વિરુદ્ધ નોટિસ જાહેર કરી હતી, ત્યારબાદ આ એપ સામે કાર્યવાહી કરવામાં આવી છે. FIUએ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલયને બાયનાન્સ, કુકોઈન,હુઓબી, ક્રેકેન, Gate.io,બિટસ્ટેમ્પ, બિટ્રેક્સ, ખઉઈઈ ગ્લોબલ અને બિટફાઈનેક્સ એપ અને તેના સંબંધિત URLને બ્લોક કરવા કહ્યું હતું.

મની લોન્ડરિંગના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ભારતમાં આ નવ એપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભારતે ક્રિપ્ટોકરન્સી પર પોતાનું સ્ટેન્ડ પહેલાથી સ્પષ્ટ કરી દીધુ હતું. ભારતે ક્રિપ્ટોકરન્સીના ઉપયોગને મંજૂરી આપી નથી. ભારતીય રિઝર્વ બેંકે પાચ વર્ષ પહેલા ક્રિપ્ટોકરન્સીના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધા હતો. ક્રિપ્ટોકરન્સીના ઉપયોગનો મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. જોકે, આ કોઈ રાહત મળી ન હતા.

# રાજકોટ જિલ્લાના કોંગ્રેસ આગેવાન અર્જુનભાઈ ખાટરિયા સહીત ૪૦ આગેવાનો ભાજપમાં જોડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ જિલ્લાના કોંગ્રેસના આગેવાન અને જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા અર્જુનભાઈ ખાટરીયા સહિત શેર અને જિલ્લાના ચાલીસ આગેવાનોએ આજે કેસરિયો ધારણ કર્યો હતો ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં માં તેઓ ભાજપમાં જોડાયા હતા સી આર પાટીલે અર્જુનભાઈ સહિત તમામ રાજકોટ જિલ્લાના આગેવાનોને કેસરિયો ખેસ પહેરાવ્યો હતો.

# ઉત્તર ભારતમાં શીત પ્રકોપથી રેડ એલર્ટ જાહેર કરાયું

## દિલ્હીમાં અસંખ્ય વિમાનો મોડા પડયાઃ હરિયાણાથી પશ્ચિમ બંગાળ સુધી ધુમ્મસની ચાદર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



પાટનગર દિલ્હી સહિત ઉતર ભારતના રાજયોમાં ગાઢ ધુમ્મસ સાથે શીતલહેરનો પ્રકોપ જારી રહ્યો છે જેને પગલે હવામાન વિભાગે પંજાબ-હરિયાણા માટે રેડએલર્ટ જારી કર્યુ છે અને આવતા ચાર-પાંચ દિવસ સુધી સમાન હાલત રહેવાની આગાહી કરવામાં આવી છે. રેલવે-હવાઈ તથા માર્ગવ્યવહાર અસ્તવ્યસ્ત થયો હતો.

દિલ્હીમાં તાપમાનનો પારો ચાર ડીગ્રીની નીચે સરકી જવાને પગલે કડકડતી ઠંડી હતી. ઉપરાંત પાટનગર ગાઢ ધુમ્મસમાં લપેટાયેલુ રહ્યુ હતું. વીઝીબીલીટી લો રહેવાથી વિમાની સેવા અસ્તવ્યસ્ત થઈ હતી. એરપોર્ટ ઓથોરીટી દ્વારા એડવાઈઝરી જારી કરવામાં આવી હતી.

એરલાઈન્સનો સંપર્ક કર્યા બાદ એરપોર્ટ આવવાની સલાહ આપવામાં આવી હતી. ઘણા દિવસોથી ખરાબ હવામાનને કારણે વિમાનો કલાકો મોડા થઈ રહ્યા છે. પરિણામે એરપોર્ટ પર પ્રવાસીઓના હંગામાથી અંધાધુંધીની પરીસ્થિતિ પ્રવર્તી રહી છે.

આજે ૧૫૦ જેટલા વિમાનો મોડા પડયા હતા અને બે ડઝન ફલાઈટ રદ કરવામાં આવી હતી. સંખ્યાબંધ વિમાનો ડાઈવર્ટ કરાયા હતા. ડઝનબંધ ટ્રેનો પણ કલાકો સુધી મોડી છે. પાલમ એરપોર્ટે ૧૦૦ મીટર તથા સફદરગંજ એરપોર્ટે ૫૦ મીટરની વીઝીબીલીટી હતી.''

હવામાન વિભાગે બે દિવસ હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન, પંજાબ તથા ઉતરપ્રદેશમાં કોલ્ડવેવની સાથે ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી કરવામાં આવી છે. પંજાબ-હરિયાણા માટે રેડએલર્ટની ઘોષણા કરવામાં આવી છે. હરિયાણાથી પશ્ચિમ બંગાળ સુધી ધુમ્મસની સફેદ ચાદરનું દૃશ્ય છે. ધુમ્મસ શીતલહેર વચ્ચે સ્કુલોમાં રજાઓ જાહેર કરવામાં આવી છે.

# અયોધ્યા રામ મંદિર બહાર કોંગ્રેસ કાર્યકર્તાઓ અને ભક્તો વચ્ચે બબાલ, પાર્ટીનો ઝંડો લહેરાવતા વિવાદ

## કોંગ્રેસ કાર્યકર્તાઓએ મંદિરમાં પ્રવેશતા જ ઝંડો ફરકાવવાનો પ્રયાસ કરતા મામલો બિચક્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહ યોજાવાનો છે. આ માટે ભક્તોએ પણ અત્યારથી આવવાનું શરૂ કરી દેતા ભારે ભીડ જોવા મળી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના કાર્યકર્તાઓએ પણ રામમંદિરમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા ભારે હંગામો થયો છે. કાર્યકર્તાઓ સાથે ઝપાઝપી થતા મારામારી જેવા દ્રશ્યો જોવા મળ્યા છે.

મળતા અહેવાલો મુજબ મંદિરમાં પ્રવેશ કરતી વખતે કોંગ્રેસ કાર્યકર્તાઓ અને કેટલાક લોકો વચ્ચે ઘર્ષણ થયું હતું, જેમાં કોંગ્રેસનો ઝંડો છીનવી લેવાયો હતો. એવું કહેવાય છે કે, મંદિરમાં પ્રવેશ કરતી વખતે હંગામો થયો હતો. કોંગ્રેસે ઝંડો લહેરાવ્યા બાદ આ વિવાદ શરૂ થયો હતો. એવો આક્ષેપ છે કે, કોંગ્રેસ કાર્યકર્તાઓએ મંદિરમાં પ્રવેશતા જ ઝંડો ફરકાવવાનો પ્રયાસ કર્યો હતો, જેનો કેટલાક લોકોએ વિરોધ કર્યા બાદ બબાલ શરૂ થઈ.

અગાઉ મકર સંક્રાંતિએ કોંગ્રેસની ઉત્તર પ્રદેશ એકમના પ્રમુખ નેતાઓએ અયોધ્યામાં રામલલાને દ્વારે પહોંચ્યા હતા, જ્યાં તેમણે સ્નાન પણ કર્યું હતું.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરીએ પ્રાણપ્રતિષ્ઠા સમારોહમાં સામેલ થવાનો બુધવારે ઈન્કાર કર્યો હતો. કોંગ્રેસે સમારોહ ભાજપનો ઈવેન્ટ અને રાજકીય પ્રોજેક્ટ હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસે કહ્યુ હતુ કે, આ વ્યક્તિગત મામલો છે. પાર્ટી મહાસચિવ જયરામ રમેશે પણ ભાજપ અને આરએસએસના નેતાઓ દ્વારા અધૂરા મંદિરનું ઉદ્દઘાટન પાછળના હેતુ પર સવાલો ઉઠાવ્યા હતા.

# વૈશ્વિક અર્થતંત્ર ૨૦૨૪માં નબળું પડી જશે, પરંતુ દુનિયાના દિગ્ગજ અર્થશાસ્ત્રીઓ ભારત માટે આશાવાદી

## ૨૦૨૪માં વૈશ્વિક અર્થવ્યવસ્થા પર ભારે સંકટ આવવાની સંભાવના વ્યક્ત કરતો WEFનો રિપોર્ટઃ આવનારા દિવસોમાં લેબર માર્કેટ્સ અને નાણાંકીય સ્થિતિ વધુ નબળી પડવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠક શરૂ થઈ ગઈ છે, જેમાં 'ચીફ ઈકોનોમિસ્ટ્સ આઉટલુક રિપોર્ટ' જારી કરાયો છે. રિપોર્ટમાં ૨૦૨૪માં વૈશ્વિક અર્થવ્યવસ્થા પર ભારે સંકટ આવવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. વિશ્વના ૫૬ ટકા મુખ્ય અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, વર્તમાન વર્ષમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા મંદ જોવા મળી શકે છે. જ્યારે ૧૦માંથી ૭ અર્થશાસ્ત્રીઓનું અનુમાન છે કે, વૈશ્વિક આર્થિક વિઘટનની પ્રક્રિયા વધુ ઝડપી બની શકે છે.

બેઠકના પ્રથમ દિવસે વૈશ્વિક સ્થિતિ-૨૦૨૪નો ચીફ ઈકોનોમિસ્ટ્સ આઉટલુક રિપોર્ટ જારી કરાયો છે. રિપોર્ટ મુજબ ૫૬ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, ૨૦૨૪માં વૈશ્વિક અર્થવ્યવસ્થા નબળી જોવા મળી શકે છે, જ્યારે ૫૩ ટકા અર્થશાસ્ત્રીઓના મત મુજબ, સ્થિતિ યથાવત્ રહેશે અથવા નાણાંકીય સ્થિતિ વધુ નબળી પડશે.

આમાના મોટાભાગના અર્થશાસ્ત્રીઓએ આવનારા દિવસોમાં લેબર માર્કેટ્સ અને નાણાંકીય સ્થિતિ વધુ નબળી પડવાની સંભાવના વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા મુજબ નવા વર્ષમાં મોંઘવારી સંભાવના નથી, પરંતુ તમામ સેક્ટરમાં વિકાસનો આઉટલુક જુદો જુદો છે અને તેમાના એકપણ સેક્ટરમાં મજબુત આર્થિક વિકાસ થવાની શક્યતા જોવા મળી રહી નથી. ભારત અને અંગે કેટલાક અર્થશાસ્ત્રીઓનો મત છે કે, વૈશ્વિક પડકારો છતાં ભારત વિકસતા અર્થતંત્ર તરફ આગળ વધતું રહેશે. વૈશ્વિક પડકારોને પહોંચી વળવા અને મજબુત આર્થિક વૃદ્ધિ દર જાળવી રાખવામાં પણ ભારત સતત પ્રયત્નશીલ રહેશે, જેમાં તેને સફળતા પણ મળશે.

ડબલ્યુઈએફના મેનેજિંગ ડાયરેક્ટર સાદિયા જાહિદીએ કહ્યું કે, 'મુખ્ય અર્થશાસ્ત્રીઓના દ્રષ્ટિકોણનો વર્તમાન રિપોર્ટ આગામી સમયમાં આર્થિક સ્થિતિમાં અનિશ્ચિતતા સર્જાવા તરફ ઈશારો કરી રહી છે. વધતા મતભેદો વચ્ચે આગામી વર્ષોમાં વૈશ્વિક અર્થતંત્રની કસોટી થઈ શકે છે. વિશ્વભરમાં મોંઘવારી ઘટી રહી છે, વિકાસની ગતિ અટકી ગઈ છે, નાણાંકીય સ્થિતિ કટોકટ ચાલી રહી છે, વૈશ્વિક વિવાદ પણ વધતો જઈ રહ્યો છે, ઉપરાંત અસમાનતામાં વધી રહી છે. આવી સ્થિતિમાં ટકાઉ, સમાવેશી આર્થિક વૃદ્ધિને ગતિ આપી શકે, તેવી વૈશ્વિક સહકારની તાત્કાલિક જરૂર છે.'

# અયોધ્યામાં રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને રાજકોટના ક્ષત્રિય સમાજ દ્વારા રંગોળી અને રોશની કરી વધાવાશે

આગામી તારીખ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ લલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવાના છે જેને લઈ આગામી સોમવારે રાજકોટના ક્ષત્રિય પરિવાર દ્વારા રંગોળી, રોશની, અને દિપોથી ઘરસજાવવામાં આવશે આ શુભ ઘડીને વધાવા ક્ષત્રિય પરિવાર દ્વારા ભગવાન રામના ગુણગાન સાથે આરતી પૂજન અર્ચન કરાશે


(તસ્વીરઃ આનંદ જાવિયા)

# વાંકાનેરમાં કામ કરતી વેળા છાતીમાં દુઃખાવો ઉપડ્યા બાદ સારવાર મળે તે પહેલા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના રાતવીરડા ગામે સીરામીક ફેક્ટરીમાં કામ કરતી વેળા શ્રમિકને છાતીમાં દુખાવો ઉપાડતા ૧૦૮ માં મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડતા જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી શ્રમિકને મરણ જાહેર કર્યો હતો.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના રાતવીરડા ગામે આવેલ લોનીક સીરામીક ફેક્ટરીમાં કામ કરતા મૂળ ઉત્તરપ્રદેશના વતની જીતેન્દ્રકુમાર સુધરસિંગ ઉવ.૩૯ ફેક્ટરીમાં કામ કરતા હતા તે દરમ્યાન છાતીમા દુખાવો થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફ્તે સારવાર અર્થે મોરબી સિવિલ હોસ્પિટલમા ખસેડતા હાજર ફરજ પરના ડોક્ટરએ જોઇ તપાસી જીતેન્દ્રકુમારને મરણ ગયેલ જાહેર કરતા મોરબી એ ડિવિઝન પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી વાંકાનેર તાલુકા પોલીસમાં અ.મોત દાખલ કરી આગળની તપાસ એચ.સી. જે.જી.ઝાલાને સોપવામાં આવી છે.

# સરકાર દ્વારા રાજકોટ જીલ્લા જેલમાંથી વધુ બે કેદીની સજા માફ કરાતા જેલ મુકત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ-૪૩૩(એ)ની જોગવાઈઓને આધિન રહીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ-૪૩૨ હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ જેલના પાકા કામના કેદી ભીખાભાઈ ઉર્ફે રાજેશભાઈ હરજીભાઈ પ્રજાપતિ તથા ઓધવજીભાઈ હરજીભાઈ અધેરાને થયેલ સજાનો બાકીનો ભાગ શરતોને આધિન માફ કરીને તાત્કાલીક અસરથી જેલ મુક્ત કરવા રાજ્ય સરકાર દ્વારા હુકમ કરવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને કેદીઓને આજરોજ સરકારના હુકમ મુજબ નક્કી કરવામા આવેલ શરતોને આધિન જેલ મુક્ત કરવામાં આવેલ છે. પાકા કામના કેદી ભીખાભાઈ ઉર્ફે રાજેશભાઈ હરજીભાઈ પ્રજાપતિને આઈ.પી.સી. કલમ-૩૦૨,૪૯૮(એ) ના કામે સેસન્સ કોર્ટ ભાવનગર દ્વારા આજીવન કેદની સજા ફરમાવવામાં આવેલ જે કેદીએ જેલની અંદર ૨૦ વર્ષ ૦૯ માસ અને ૦૧ દિવસની સજા ભોગવેલ છે. તેમજ પાકા કેદી ઓધવજીભાઈ હરજીભાઈ અધેરાને આઈ.પી.સી. કલમ-૩૦૨ ના કામે સેસન્સ કોર્ટ રાજકોટ દ્વારા આજીવન કેદની સજા ફરમાવવામાં આવેલ જે કેદીએ જેલની અંદર ૧૫ વર્ષ ૧૭ દિવસની સજા ભોગવેલ છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્ત બન્ને કેદીઓની સજાનું બાકીનો ભાગ માફ કરી સમાજમાં પુનઃ સ્થાપિત થાય તેવા શુભ આશયથી જેલ મુક્ત કરવા હુકમ કરવામા આવતા જેલ અધિક્ષક શિવમ વર્મા,ઈડ્જ સાહેબ, સિનિયર જેલર બી.બી.પરમાર સિનિયર જેલર એમ.આર.ઝાલાનાઓ દ્વારા બન્ને કેદીઓને જેલ મુક્ત થયા બાદ પોતાના પરિવાર સાથે સમાજમા સારા નાગરીક તરીકે જીવન વિતાવે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

# ચુનારાવાડમાં કપાતર પુત્રે વૃધ્ધ પિતાને ઢોર માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ચુનારાવાડમાં રહેતા વૃદ્ધને તેના કપાતર પુત્રે કોઈ કારણોસર ઝગડો કરી ઢોર માર મારતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે આ બનાવ મામલે થોરાળા પોલીસે નોંધ કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

માહિતી મુજબ ચુનારાવાડમાં લાખાજીરાજ ઉદ્યોગનગર-૬માં રહેતો અશોકભાઈ સોલંકી (ઉ.વ. ૫૩) ગઈકાલે બપોરના ઘરે હતા ત્યારે પુત્ર અશ્વિને કોઇ કારણોસર ઝઘડો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો.પ્રૌઢને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે સીવીલ હોસ્પીટલે ખસેડયા હતા. બનાવ અંગે જાણ કરતાં થોરાળા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન નોંધી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.મુથુટ પપ્પાયન ફાઉન્ડેશન અને ગોકુલ હોસ્પિટલ દ્વારા મિશન સ્માઇલ અંતર્ગત વિનામૂલ્યે ક્લેફ્ટ સર્જરી કરી અપાશે.

# મુથુટ પપ્પાયન ફાઉન્ડેશન અને ગોકુલ હોસ્પિટલ દ્વારા મિશન સ્માઈલ અંતર્ગત વિનામૂલ્યે ક્લેફ્ટ સર્જરી કરી અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુથૂટ પપ્પાચન ફાઉન્ડેશન અને ગોકુલ હોસ્પિટલના સહયોગથી મિશન સ્માઈલ અંતર્ગત ગુજરાતના બાળકો અને યુવા વયસ્કોને વિના મૂલ્યે ક્લેફ્ટ લિપ અને ક્લેફ્ટ પેલેટ સુધારાત્મક શસ્ત્રક્રિયાઓ ઓફર કરી છે. જે આગામી તા. ૨૦મી જાન્યુ.થી ૨૩મી જાન્યુ. દરમિયાન ગોકુલ હોસ્પિટલ, વિધ્યાનગર રોડ, રાજકોટ ખાતે કરવામાંઆવશે. ગોકુલ હોસ્પિટલમાં આ પ્રથમ મેડિકલ મિશનમાં વડોદરામાં છેલ્લા ૬ વર્ષથી આ મિશન દ્વારા મુથૂટ પપ્પાચન જૂથ સાથેની આ ભાગીદારી દ્વારા ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૦૦ પ્લસ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા છે.

આગામી ૨૦મી જાન્યુ.એ ગોકુલ હોસ્પિટલમાં લગભગ ૭૦થી ૮૦ દર્દીઓની તપાસ કરવામાં આવશે. જે બાદ ૨૧મીથી ૨૩મી જાન્યુ. વચ્ચે સર્જરી કરવામાં આવશે.આ ચાર દિવસીય લેફ્ટ સર્જિકલ કેમ્પ (મિશન) દ્વારા સમગ્ર ભારતમાં પ્લાસ્ટિક સર્જરી, ઓરલ અને મેકિકસલોફેસિયલ સર્જરી, એનેસ્થેસિયોલોજી, બાળરોગ, દંત ચિકિત્સા અને નર્સિંગ ક્ષેત્રના તબીબી નિષ્ણાતોની ટીમ દ્વારા ૫૦ થી વધુ ક્લેફ્ટ સર્જરી પ્રદાન કરશે.

મુથુટ પપ્પાચન ગ્રૂપની સીએસઆર શાખા મુથુટ પપ્પાયન ફાઉન્ડેશન (એમપીએફ) સમગ્ર મિશનમાં મદદ કરશે. ગુજરાતના ક્લેફ્ટની તકલીફ ધરાવતા અસરગ્રસ્ત બાળકોને મફત સર્જરીનો લાભ મળી શકે. મુથૂટ પપ્પાચન ફાઉન્ડેશનએ ઓક્ટોબર ૨૦૧૪માં મિશન સ્માઈલ સાથેની ભાગીદારીમાં મુથૂટ ફિનકોર્પ લિમિટેડ માટે 'સ્માઈલ પ્લીઝ' નો મુખ્ય સીએસઆર કાર્યક્રમ, કોટ્ટાયમ, કેરળ ખાતે શરૂ કર્યો હતો. ત્યારથી ૨૭૯૦ બાળકો અને યુવાન વયસ્કોને સલામત, કરુણાપૂર્ણ અને સર્વગ્રાહી સંભાળ અને શસ્ત્રક્રિયા પૂરી પાડવામાં મદદ કરી છે. સમગ્ર ભારતમાં મુથુટ પપ્પાચન ફાઉન્ડેશનની ભાગીદારીમાં ગુજરાતમાં આ પહેલ ૭મી વખત યોજાઈ રહી છે.

મિશન સ્માઇલ, મુથુટ પપ્પાચન ફાઉન્ડેશન સાથે ભાગીદારીમાં દર વર્ષે મફત ક્લેફ્ટ સર્જરી આપીને ગુજરાતના બાળકોને મદદ કરવા આતુર છે. આયોજિત શિબિર માટે, અમે મુથૂટ ફિનકોર્પ અને માઇક્રોફિન શાખાઓ દ્વારા ગુજરાતના જિલ્લાઓમાં ક્લેટ જાગૃતિ અભિયાનો યોજવાનું શરૂ કર્યું છે. દર્દીઓને મફત પરિવહન, ભોજન, રહેઠાણ, તબીબી તપાસ, સર્જરી અને દવાઓ મળશે. શસ્ત્રક્રિયા પછી, દર્દીઓને ઓપરેશન પછીની સારવાર પણ મફત આપવામાં આવશે. આ વ્યાપક ક્લેફ્ટ સર્જરી મિશનના ભાગ રૂપે, જરૂરી દર્દીઓને મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ, પોષણ સહાય અને માર્ગદર્શન વગેરેની પણ ઍક્સેસ હશે જે તદ્દન મફત કરી આપવમાં આવશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટની ગોકુલ હોસ્પિટલ આ મિશનનું આયોજન કરી રહી છે. ગોકુલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ૧૯૯૧થી સમાજની સેવા કરી રહી છે. સૌરાષ્ટ્રના પ્રથમ ન્યુરોસર્જન તરીકે ડો. પ્રકાશ મોઢાએ 'ગોકુલ હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટર'ના નામથી હોસ્પીટલની શરૂઆત કરી હતી. હાલ ગોકુલ હોસ્પિટલમાં ૨ યુનિટ કાર્યરત છે, એક વિદ્યાનગર રોડમાં ૭૫ બેડ સાથે અને બીજુ કુવાડવા રોડમાં ૧૦૦ બેડ સાથે સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ સઘન સંભાળ એકમો, અને મોડ્યુલર ઓપરેશન થિયેટરો અને વિવિધ સારવાર સેવાઓ પ્રદાન કરે છે.

અનુભવી ડોકટરોની ટીમ, અનુભવી નર્સિંગ સ્ટાફ અને અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સારવાર અને દર્દીની સંભાળનું ઉચ્ચ ધોરણ પૂરું પાડે છે. તેમજ સમગ્ર હોસ્પિટલમાં ૫૫ ફુલ ટાઈમ ડોકટરો ઉપલબ્ધ છે. ક્લેફ્ટ સર્જરીમાં શ્રેષ્ઠ અને સચોટ સારવાર અને શ્રેષ્ઠ પરિણામો આપવા માટે ગોકુલ હોસ્પિટલ, મિશન સ્માઈલ અને મુથૂટ પપ્પાચન ફાઉન્ડેશન માટે પ્રયત્નશીલ છે.હોસ્પિટલ દર્દીની તપાસ અને ક્લેફ્ટની સમસ્યા ધરાવતા દર્દીનું નિદાન કરવા અને ઉપરોક્ત મિશન દરમિયાન તેમને સર્જરીના ફાયદાઓ માટેની સમજ આપવામા પણ સક્રિયપણે ભાગ લઈ રહી છે.

# જામનગર શહેરમાં એસી એસટી સેલમાં ડીવાય એસપીની કાયમી ધોરણે નિમણુક કરવા માંગ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર શહેરમાં એસી એસટી વિભાગમાં ડીવાય એસપી ની છેલ્લા ઘણાં સમયથી જગ્યા ખાલી હોવાથી જામનગર જિલ્લાના ના લોકો અને તાલુકા ના લોકોને ખુબજ હાલાકી ભોગવવી પડે છે ઘણા સમયપહેલા ડીવાય એસ પી ની બદલી થયા પછી લાબા સમય સુધી આ જગ્યા ખાલી હાલતમાં છે હાલ આ કચેરીમાં ડીવાયએસપી ઇન્ચાર્જ થી કામકાજ ચલાવવામાં આવતું હોવાથી જામનગરની જનતા અને અનુસૂચિત જાતિના લોકોના કામ સમયસર થતા ન હોઈ નીરાશ થઈ રહીયા છે જામનગર જિલ્લાના સામાજિક કાર્યકર દ્વારા ઉચ્ચ કક્ષાએ પત્ર લખી જણાવ્યું છે કે છેલ્લા ઘણા વર્ષથી એસી એસટી સેલામા ડીવાયએસપીની જગ્યા ભરવામાં આવેલ નથી ખાસ કરીને ગ્રામ્યના નાના શહેરો લોકો ને ધમેના ધકકા થાય છે અને હાલના આ ડીવાય એસપી પાસે જામનગર ગ્રામ્ય નો ડીવાય એસપી નો ચાર્જ હોય જેથી કરીને જામનગર જિલ્લાના અનુસૂચિત જાતિના કામ ટલે ચડે છે જેથી કરીને રાજ્ય સરકાર દ્વારા જામનગર શહેરમાં એસી એસટી સેલમાં ડીવાયએસપીની જગ્યા ઉપર તાત્કાલિક અને કાયમી ધોરણે ડીવાય એસપી ની નિમણૂક કરવામાં આવે અનુસૂચિત જાતિના લોકોને ધર્મના ધક્કા નથાય સામાજિક કાર્યકર ચેતન કુમાર ભાંભી દ્વારા મુખ્યમંત્રી સમક્ષ અને ગૃહ મંત્રી સમક્ષ અનુસુચિત જાતિ અને જામનગર ની જનતા વરથી છે લેખિતમાં માંગણી કરી રજૂઆત કરી છે

# યુનિવર્સિટી રોડ પર માધવ પાર્કના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ રૂા.૧.૫૦ લાખની મતાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર એફ.એસ.એલની પાછળ માધવપાર્કમાં ભાડે રહેતા યુવાનના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ તથા દાગીના મળી રૂા.૧.૫૦ લાખની માલમતા ચોરી ગયા હતા.

આ અંગેની માહિતી મુજબ માધવપાર્ક શેરી નં.૧ માં રહેતા કમલભાઈ પ્રવિણભાઈ ચૌહાણે યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે છુટક ડ્રાઈવીંગ કરે છે. તાજેતરમાં તેમના ઘરે સંતાનનો જન્મ થયો હોય જેથી છેલ્લા એક અઠવાડીયાથી ભાડાના મકાનને તાળુ મારી બંને નાના મોવા રોડ પર શ્યામનગરમાં રહેતા પિતાના ઘરે રોકાયા હતા. તેમના બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી કબાટમાં રાખેલા રૂા.૪૫૦૦૦ રોકડા અને રૂા.૯૫૦૦૦ ની કિંમતના સોનાના દાગીના ચોરી ગયા હતા.

માલીક નિલેશભાઈ વાઘેલા દરરોજ પૂજા કરવા આવતા હોય મકાનમાલીક નિલેશભાઇએ ઘરમાં ચોરી હોવાની જાણ કરી હતી.યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ગુમાનસિંહજી શોપીંગ સેન્ટર પાસે જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નામચીન ઈભલો સહિતના પાંચ શખ્સોને એ-ડિવિઝન પોલીસે ગુમાનસીંહજી શોપિંગ સેન્ટર ની સામે જયુબેલી શાક માર્કેટ માંથી જુગાર રમતા પકડી લીધા હતા.

પોલીસે પડેલા દરોડામાં જુનો મોરબી રોડ ગણેશનગર માં રહેતો નામચીન ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો કરીમભાઈ કાથરોટીયા ઉપરાંત ભગવતીપરા નંદનવન સોસાયટીનો મહમદભાઈ કરીમભાઈ કાલવા, રૂખડીયા કોલોનીમાં રહેતો નિઝામભાઈ હબીબભાઈ શેખ, મોચીબજાર ખાડામાં રહતો યુસુફભાઈ જમાલભાઈ લાખાણી અને ભગવતીપરાનો ઈરફાન નુરમહમદ કારવાની ધરપકડ કરી રૂ. ૧૦૫૫૦નો રોકડ કબ્જે કરી હતી.

# ગોંડલમાં પ્રેમ લગ્ન કરનાર દંપતિએ ગૃહ કલેશથી કંટાળી વખ ઘોળ્યું

## ગોંડલ રેલ્વે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં પતિએ ધકકો મારી નીચે પાડી દેતા પત્નીને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં ખેત મજૂરી માટે આવેલા પ્રેમ લગ્ન કરનાર દંપતિ વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થતા દંપતીએ સજોડે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. દંપતીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલમાં ખેત મજૂરી માટે આવેલા રાહુલ ભરતભાઈ બામણીયા (ઉ.વ.૧૮) અને તેની પત્ની લતાબેન રાહુલભાઈ બામણીયા (ઉ.વ.૧૯) વચ્ચે ઝઘડો થતા દંપતીએ સજોડે ઝેરી દવા પી લીધી હતી દંપતિને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ

કરવામાં આવ્યા હતા પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર દંપતિ મૂળ મધ્યપ્રદેશના વતની છે અને એક વર્ષ પહેલા જ બંનેએ પ્રેમ લગ્ન કર્યા હતા અને દંપતિ વચ્ચે ઝઘડો થતા સજોડે ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ગોંડલમાં આવેલા રેલ્વે સ્ટેશન ઉપર મીરાબેન કુંદનભાઈ મહિડા નામની ૩૬ વર્ષની પરિણીતાને તેના પતિ કુંદન મહિડાએ ધક્કો મારતા મીરાબેન મહીડા ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાઈ હતી પરિણીતાને ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે ગોંડલ બાદ રાજકોટ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# યાજ્ઞિક રોડ પર વૃધ્ધનો ફલેટ પચાવી પાડનાર દંપતિ સહિત ત્રણ સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાજ્ઞિક રોડ ઉપર રામકૃષ્ણ આશ્રમ સામે,વૃંદાવન મેપાર્ટમેન્ટમાં રહેવા માટે આપેલ ફ્લેટ ઉપર કબજો કરી લેનાર દંપતી અને તેના પુત્ર સામે લેન્ડગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

જામનગર લીંમડા લાઈન મેઇન રોડ, શ્યામકુંજ નામના મકાનમાં રહેતા જયપ્રકાશ શામજીભાઈ સાપરીયા(ઉ.વ.૭૫)એ નોંધાવેલી ફરિયાદમાં જયેશભાઈ હરીભાઈ સાવલાણી તેના પત્ની મિનાક્ષીબેન જયેશભાઈ હરીભાઈ સાવલાણી અને પુત્ર જય જયેશભાઈ સાવલાણીનું નામ આપ્યું છે. જયપ્રકાશભાઈનો યાજ્ઞિક રોડ ઉપર

રામકૃષ્ણ આશ્રમ સામે, વૃંદાવન એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.-૩/બી તેમની માલિકીનો હોય જેણે વર્ષ - ૨૦૧૪માં જયેશભાઈને બે-ચાર મહીનામાં તેના ફલેટનો કબ્જો આપશે તેમ જણાવી તેનો ફ્લેટ બે-ચાર મહીના સુધી રહેવા આપવા જણાવતા જયપ્રકાશ શામજીભાઈ સાપરીયાએ તેઓને ઓળખતા હોય જેથી તેનો ફ્લેટ સને- ૨૦૧૪ માં આરોપીને તેના પરીવાર સાથે રહેવા આપેલ અને જયપ્રકાશ શામજીભાઈ સાપરીયાને આ ફ્લેટમાં હવે પોતાને રહેવા આવવુ હોય જેથી ખાલી કરવા વાત કરતાં અવાર-નવાર કહેવા છતાં ફ્લેટ ખાલી કરેલ નહી અને કોઈને કોઈ ખોટા બહાના બતાવેલ ત્યારે જયપ્રકાશ શામજીભાઈ સાપરીયા રૂબરૂ ફ્લેટે જઈ ખાલી કરવા જણાવતા દંપતી અને તેના પુત્રએ ધમકી આપતા જયપ્રકાશ શામજીભાઈ સાપરીયાએ કલેકટર સમક્ષ કરેલી ફરિયાદ બાદ પોલીસ ગુનો નોંધ્યો હતો.

# કુવાડવામાં સગીરા અને માજોઠીનગરમાં યુવતીનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળ આવેલા કુવાડવા ગામે ઝૂંપડપટ્ટીમાં રહેતી સગીરાને તેની માતા પ્રેમી સાથે જોઈ જતા સગીરાએ ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સગીરાને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કુવાડવા ગામે રહેતી રમુબેન પપુભાઈ કુવારીયા નામની ૧૭ વર્ષની સગીરા પોતાના ઝૂંપડામાં હતી ત્યારે બપોરના એકાદ વાગ્યાના અરસામાં ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો સગીરાને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર સગીરા એક ભાઈ બે બહેનમાં મોટી છે અને તેની માતા રાજીવબેન પુત્રી રમુ કુવારિયાને તેના પ્રેમી મયુર સાથે જોઈ જતા રમુ કુવારિયાએ ગળેફાંસો ખાઈ લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં દૂધ સાગર રોડ ઉપર આવેલા માજોઠીનગરમાં રહેતી ઉમેજાબેન ઈમ્તિયાઝભાઈ ભાણા નામની ૧૯ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર છતના હુકમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક ઉમેજાબેન એક ભાઈ બે બહેનમાં મોટી હતી અને માતા-પિતા જામનગર ગયા બાદ યુવતીએ આત્મઘાતી પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લાલાવદર ગામે શંકાસ્પદ હાલતમાં મળેલ દંપતિ સહિત ત્રણની હત્યા થયાનું ખુલ્યુંઃ ત્રણ શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીના લાલાવદર ગામની સીમમાં આવેલા એક કૂવામાંથી ભાઈ-ભાભી અને બહેનના શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. આ મામલાની તપાસમાં ત્રણેયની હત્યા થયાનો ઘટસ્ફોટ થયો છે. ચાર શખ્સોએ રાત્રિના સમયે મળી ત્રણેય લોકોને ગળેટૂંપો આપી હત્યા નિપજાવી હતી અને બાદમાં ત્રણેયના મૃતદેહ કૂવામાં ફેંકી દીધા હતા. આ મામલાનો ભેદ ઉકેલી પોલીસે ત્રણ શખ્સોને ઝડપી પાડયા છે. મૃતક દંપતીએ તાંત્રિકવિધિ કરી હોવાની શંકા રાખી આરોપીઓએ ત્રિપલ મર્ડરને અંજામ આપ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ગત તારીખ ૧૨ જાન્યુઆરીની સવારે અમરેલી તાલુકાના લાલાવદર ગામની સીમમાં આવેલા ખેતરના કુવામાંથી એક દંપતિ સહિત ત્રણના મૃતદેહો મળી આવ્યા હતા. જેમાં મુકેશભાઈ અંતુરભાઈ દેવરખીયા તેની પત્ની ભૂરીબેન મુકેશભાઈ દેવરખીયા તથા મુકેશની બહેન જાનુબેન અંતુરભાઈ દેવરખીયા હોવાનું ખૂલ્યું હતું. પ્રાથમિક તપાર તપાસમા મોતનું કારણ શંકાસ્પદ હોવાના આધારે ત્રણેય મૃતદેહ ને ફોરેન્સીક પીએમ માટે ભાવનગર મોકલાયા હતા. જેમા ત્રણેયની હત્યા થઈ હોવાનું બહાર આવતા જીલ્લા પોલીસ દ્વારા તુ પ્રાથમિક, તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. અમરેલી પોલીસની અલગ અલગ ટીમે તપાસ કરી હત્યાનો ભેદ ઉકેલી નાખી મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના છોતેતારાના વતની અને હાલ સાવરકુંડલા રામભાઈ કુંભારની વાડીએ રહેતા બબલુ ઉર્ફે પ્યારસિંહ ઉર્ફે ભોલો ભુરસિંહ વસુનીયા (ઉ.વ.૨૨) સાથે મેરસિહ તીનચીયા પારદીયા (ઉ.વ. ૩૫) તેમજ લાઠી ગામની સીમ, ભરતભાઈ કોટડીયાની વાડીએ રહેતા ઈન્દ્ર કિશન વસુનીયા (ઉ.વ.૨૨)ની ધરપકડ કરી હતી આ ત્રિપલ મર્ડરમાં ફરાર જાંબુવાના હિટલાના વતની હાલ રાજકોટના જામકંડોરણા ગામે રહેતા ભુરા મોહન બામનીયાની શોધખોળ શરૂ કરી છે. આ ચકચારી હત્યામાં તાંત્રિકવિધિ કારણભૂત હોવાનું ખૂલ્યું હતું. મુખ્યસૂત્રધાર આરોપી ભુરા મોહન બામનીયા અગાઉ લાલાવદર ગામની સીમમાં વાડી ભાગવી રાખી રહેતો હતો અને દિવાળી તહેવાર પછી આ ભુરા મોહનની દિકરીનું બિમારીના કારણે મોત થયેલ. આ મોત પાછળ મરણ જનાર મુકેશની ઘરવાળી ભુરીએ તાંત્રીક વિધી કરેલ હોવાનું અને આ ભુરી ડાકણ હોવાનું ભુરા મોહન બામનીયાને વહેમ હતો જેથી ભુરા મોહન બામનીયા ત્યાંથી બીજે કામ અર્થે જતો રહેલ બાદમાં હત્યાનો પ્લાન બનાવી તેને અંજામ આપ્યો હતો. ભાવનગર રેન્જ આઇજી ગૌતમ પરમાર અને અમરેલી પોલીસ ( અધિક્ષક હિમકર સિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ. સી.બી. પી. આઈ એ.એમ.પટેલ, પીએસઆઈ એમ.બી.ગોહિલ સાથે અમરેલી એલ. સી.બી. ટીમ તથા અમરેલી એસ.ઓ.જીના પી. આઈ આર.ડી.ચૌધરી, પીપાવાવ મરીનના પીએસઆઈ પી.બી.લકકડ તથા ખાંભાના પીએસઆઈ કે.ડી.હડીયા સાથે પી.એસ. આઈ આર.જી.ચૌહાણ સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.

# થાનગઢમાં ૧૫ દિવસ પહેલાં મારામારીમાં ઘવાયેલા પ્રૌઢનું મોતઃ બનાવ હત્યામાં પલ્ટાયો

**મુખ્ય સમાચાર, વઢવાણ**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ પંથકમાં વધુ એક વખત મારામારીની ઘટનામાં આધેડનું મોત નીપજવા પામ્યું છે.

આ અંગેની માહિતી મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ પંથકના પોટરી નજીક ૩૧મી ડિસેમ્બરના રોજ સામાન્ય બાબતે બોલાચાલીની ઘટના બાદ મારામારીની ઘટનામાં પથ્થરમારો કરાયા હોવાનું સામે આવ્યું છે જોકે આ મુદ્દે પોલીસે બંને પક્ષો સામે તે દિવસે ગુનો દાખલ કરી અને કાર્યવાહી હાથ ધરી હતી જોકે આ પથ્થર મારાની ઘટનામાં ૭૦ વર્ષે કેશુભાઈ ચાવડા ના છાતીના ભાગે પથ્થર વાગ્યો હતો અને તેમને સામાન્ય સારવાર માટે થાનગઢ પંથકને



સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પરંતુ ત્યાં તેમની હાલત ગંભીર હોવાના કારણે સુરેન્દ્રનગરની ખાનગી હોસ્પિટલમાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.ત્યારે ૧૪ દિવસની સતત સારવાર બાદ તેમની હાલત વધુ પડતી લથડતી જતી હોય ત્યારે તેમનું ૧૪ દિવસની ટૂંકી સારવારમાં મોત નીપજવા પામ્યું છે ત્યારે હવે સવાલ એ છે કે પથ્થર મારાની ઘટનામાં ઈજાગ્રસ્ત આધેડનું મોત નીપજતા પરિવાર પણ શોકની લાગણી વ્યાપી જવા પામી છે જોકે પોલીસે હત્યા ની કલમો લગાવતા પહેલા આધેડનું ખરેખર પથ્થર વાગવાથી મોત નીપજ્યું છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી છે અને આધેડ ની ડેડબોડીને પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે ત્યાં આધેડનું ફોરેન્સિક પીએમ કરવામાં આવ્યું છે. ખરેખર મારા મારી ની ઘટનામાં ઇજાગ્રસ્ત આધેડ સતત ૧૪ દિવસથી સારવાર માટે હોસ્પિટલમાં હતા અને તેમનું મોત નીપજ્યું છે તે છતાં પણ હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે કે ' કેમ અથવા તો મારામારીની ઘટનામાં મોત નીપજ્યું છેકેકેમ આ તમામ પ્રકારની વિગતો પ્રાપ્ત કરવા અને યોગ્ય તપાસ થાય તે માટે પોલીસ વિભાગ દ્વારા આજે આધેડ છે તેમની ડેટબોડીને સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું છે ડોક્ટર દ્વારા પેનલ પીએમ શરૂ કરવામાં આવ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે અને આ અંગે વધુ તપાસ પોલીસ વિભાગે હાથ ધરી છે.

# માંડા ડુંગરમાં કપડાં સિવડાવવા બાબતે બહેન સાથે ઝગડો થતા તરૂણીનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માંડા ડુંગરમાં આવેલ શ્રધ્ધા પાર્કમાં રહેતી તરૂણીને બહેન સાથે કપડા સીવડાવવા બાબતે ઝઘડો થતા ૧૬ વર્ષની તરૂણીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ માંડા ડુંગરમાં આવેલ શ્રધ્ધા પાર્ક-૧માં રહેતા શ્રધ્ધા ગોવિંદભાઈ ગાંગાણી (ઉ.વ.૧૬) નામની તરૂણીએ પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેણીના પિતા દ્વારા તેને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.જ્યાં સારવારમાં તેણીનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે આજી ડેમ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને પ્રાથમિક પૂછપરછ કરતા મૃતકના પિતાએ જણાવ્યા અનુસાર તેઓને સંતાનમાં બે પુત્રી, બે પુત્ર છે જેમાં શ્રધ્ધા મોટી હતી. તેઓના પત્ની છેલ્લા ત્રણ વર્ષથી રીસામણે પીપળીયા ગામે માવતરના ઘરે રહે છે. ગઇકાલે તેઓના મામાનું અવસાન થતા તે લૌકિક ક્રિયામાં ગયા હતા. બાદમાં ઘરે શ્રધ્ધાને તેની બહેન સાથે લગ્ન પ્રસંગમાં પરિવારના કપડા સીવડાવવા બાબતે ઝઘડો થતા તેનું માઠું લાગી આવ્યું હતું અને જેથી તેને આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજું ફળી વળ્યુ છે.

# ભુજમાં થયેલી લાખો રૂપિયાની લૂંટના આરોપી રાજકોટમાંથી ઝડપાયા

## રાજકોટ એસ ઓ જી ની ટીમેના ચાર લૂંટારોને દબોચી લઈ કાર સહિત રૂા.૧૪.૬૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર એસોજીની ટીમે પેટ્રોલિંગ દરમિયાન કચ્છ ભુજ ના બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા લૂંટના બનાવો ના આરોપીઓને રાજકોટમાંથી ઝડપી લઇ કાર સહિત લાખોનો મુદ્દામાલ કબજે કરી ભુજ પોલીસને કબ્જો સોપવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.







અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરમાં ગંભીર ગુનાઓ ને અટકાવવા એસ ઓ જી ના પીઆઇ જે ડી ઝાલા ની સુચના થી હેડ કોન્સ્ટેબલ ઇન્દુભાઇ જાડેજા તથા દિગ્વિજયસિંહ ગોહિલ તથા હાર્દિક સિંહ પરમાર સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાદમી મળી હતી કે કચ્છ ભુજ ના બી ડિવિઝન પોલીસ મથક માં નોંધાયેલ લૂંટના ગુનાના આરોપીઓ રાજકોટ તરફ કારમાં આવી રહ્યા હોવાની બાથમી મળતા એસોજીની ટીમે હાઈવે પર વોચ ગોઠવી ક્રેટા કાર નંબર લષ ૧૮ યફ ૪૭ ૧૧ માં ચાર શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી પૂછપરછ કરતા કારનો ચાલક ભુજમાં સરપટ ગેટ તુલસી મીલ પાછળ રહેતો રમજાન શા કાસમ સા શેખ તથા અમનશા જમાલસા શેખ તથા અલીસા કરીમસા શેખ તથા ઈસભાસા આલીસા શેખ નામના ચાર શખ્સોને દબોચી લઈ આકરી પૂછપર જ કરતા આચાર્ય શક્યો એ ભુજના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટ ચલાવી હોવાની કબુલાત આપતા પોલીસે રોકડા રૂપિયા ૨,૩૫,૦૦૦ સહિત કાર મોબાઈલ મળી કુલ ₹૧૪,૬૧,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી લૂંટના આરોપીઓ નો કબજો ભુજ પોલીસને સોપવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સિવિલ હોસ્પિટલ પાસે વિદેશી દારૂની ૩૫૫ બોટલ સાથે બે શખ્સો ઝડપાયાઃ રૂા.૪.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ પાસે રૂ.૧.૭૭ લાખનો વિદેશી દારૂ ડીલેવર થાય તે પહેલા જ પ્ર.નગર પોલીસ દ્વારા બાતમી આધારે દરોડો પાડી ૩૫૫ વિદેશી દારૂની બોટલ, વાહન અને મોબાઈલ મળી રૂ.૪.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે બુટલેગરોની ધરપકડ કરી છે જ્યારે માલ લેવા માટે આવવાના હતા તે બુટલેગરો પોલીસને જોઈ ફરાર થઈ જતા તેની શોધખોળ હાથધરી છે.



આ અંગેની માહિતી મુજબ પ્રદ્યુમનનગર પોલીસના ઈ/ચા. પો.ઈન્સ. ડી.એમ હરીપરા નાઓએ રાહદારી હેઠળ પો.સબ.ઈન્સ. બી.વી. ચુડાસમા સા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન સ્ટાફના એ.એસ.આઈ. સી.એમ. ચાવડા તથા પો.કોન્સ તોફિકલાઈ જુણાચને બાતમી મળી હતી કે, બે શખ્સો દ્વારા સિવિલ હોસ્પિટલ પાસે મોટી માત્રામાં દારૂ ડિલિવરી કરવાનો છે.જેથી ટીમ દ્વારા દરોડો પાડી વાહનમાં ૩૫૫ વિદેશી દારૂની બોટલ સાથે રેલનગરના પ્રફુલ રવજીભાઈ બારૈયા અને દેવાંગ પુનાભાઈ પરમારની ધરપકડ કરી હતી જ્યારે તેમની પાસેથી દારૂની બોટલ વાહન અને મોબાઈલ મળી કુલ રૂ. રૂ.૪.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કબ્જે કર્યો છે. અને બંને શખ્સોની પૂછપરછ કરતા તેને કબૂલાતત આપી હતી કે આ દારૂ રેલનગરનો ધર્મેશપુરી કેતનપુરી ગૌસ્વામી અને જામનગર રોડ પર રહેતો જગદીશ રાજેશભાઈ તાનીયા ડીલેવરી લેવા આવવાના હતા જેથી તે બંનેની શોખખોળ હાથ ધરી છે.

# ઢાંઢણી ગામની સીમમાં દીપડાએ વાછરડાનું મારણ કર્યું, વન વિભાગે પાંજરું ગોઠવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીકના ઢાંઢણી ગામની સીમમાં દીપડાએ એક વાછરડાનું મારણ કર્યું હતું. જ્યાં વન વિભાગે પાંજરું ગોઠવી દઈ દીપડાને પાંજરે પુરવાનો વધુ એક પ્રયાસ કર્યો છે. ભાવનગર રોડ ત્રંબા નજીકના ઢાંઢણી ગામની સીમમાં શંભુભાઈ કડવાણીના ખેતરમાં દીપડાએ વાછરડાનું મારણ કર્યું હોવાની જાણ વન વિભાગને સ્થાનિક લોકોએ કરી હતી. જેથી વન વિભાગની ટીમે ત્યાં જઈ તપાસ કરતા ખરેખર દીપડાએ જ મારણ કર્યું હોવાનું સ્પષ્ટ કર્યું હતું. આ બાબતે વન વિભાગના



વરિષ્ઠ અધિકારી તુષાર પટેલે કહ્યું કે જે જગ્યાએ દીપડાએ વાછરડાનું મારણ કર્યું તે સ્થળની આજુબાજુ દીપડાના પગનાં નિશાન જોવા મળ્યાં છે. દીપડો કઈ બાજુથી આવ્યો અને મારણ કરીને કઈ તરફ ગયો? એ પગનાં નિશાન ન મળતાં જાણી શકાયું નથી. દીપડાને પાંજરે પુરવા આ સ્થળે એક પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે દીપડાએ પહેલું મારણ કણકોટ નજીક કૂતરાંનું કર્યું હતું. ત્યાર પછી કુવાડવા રોડ પર બડેલા ગામે પાડીનું મારણ કર્યું અને છેલ્લે ત્રીજું મારણ ઢાંઢણી ગામની સીમમાં એક વાછરડાનું કર્યું. એટલે કે છેલ્લા એક મહિનાથી રાજકોટની આજુબાજુના વિસ્તારોમાં દીપડાના આંટાફેરા ચાલુ છે. જેને શોધવા જંગલ ખાતાના અધિકારીઓ-કર્મચારીઓ કામે લાગ્યા છે પણ પરિણામ શૂન્યથી વિશેષ કાંઇ રહ્યું નથી.

# જંકશન પ્લોટમાં ચાના ધંધાર્થીનું અપહરણ કરી માર મારનાર બે ઝડપાયા


**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંકશન પ્લોટ વિસ્તારમાં આવેલી ગેબનશાપીરની દરગાહ પાસે ચાની કેબિન ધરાવતા ધંધાર્થીનું બે શખ્સોએ રિક્ષામાં અપહરણ કરી તેને માર મારી પડધરી પાસે છોડી મૂકી ભાગી ગયા હતા.જે મામલે પ્ર.નગર પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી છે.



વિગતો મુજબ શહેરના જંકશન પ્લોટ વિસ્તારમાં આવેલી ગેબનશાપીરની દરગાહ પાસે ભુરાભાઈ નાથાભાઇ ઝાપડાની ચાની કેબીને રિક્ષામાં આવેલા આરોપી મહેબૂબ ઉર્ફે મુન્નો ઈશાભાઈ જુણેજા અને મિતેશ ઉર્ફે લલુ રાજેન્દ્રભાઈ જાગીયાણી ચા પીધા બાદ પૈસા આપવાનો ઈનકાર કરી બાદમાં ચા ના ધંધાર્થી સાથે મારામારી કરી હતી.ત્યારબાદ આ ધંધાર્થીને પોતાની સાથે રિક્ષામાં લઇ જઈ તેને માર મારી પડધરી પાસે છોડી દીધો હતો. દરમિયાન પોલીસને જાણ કરી દેવામાં આવતા પોલીસે તપાસ હાથ ધરી પડધરી પાસેથી જ આ બંને શખસોને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# શહેર પોલીસની ટ્રાફિક ડ્રાઈવઃ ૧૬૭ કેસ કરી રૂા.૮૨૩૦૦નાં દંડ વસુલ કર્યો







ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ સાહેબ ના માર્ગદર્શન હેઠળ સેક્ટર ૧ અને ૨ ની સંયુક્ત ટ્રાફિક ડ્રાઈવ જુના કુવાડવા પોસ્ટે તથા સેક્ટર ૩ અને ૪ કટારીયા ચોકડી સાંજે ૫ થી ૭ રાખવામાં આવી જેમાં જુના કુવાડવા ખાતે ૬૧ કેસ કરી રૂપિયા ૨૭૦૦૦ દંડ વસુલ કરવામાં આવ્યો. અને કટારીયા ચોકડી ખાતે ૧૦૬ કેસ કરી ૫૫૩૦૦ દંડ કરવામાં આવ્યો હતો. આમ કુલ ૧૬૭ કેસ કરી કુલ ૮૨૩૦૦ દંડ કરી ૨ વાહન ડિટેઇન કરવામાં આવ્યા.

# જૂનાગઢના સુરજ ફનવર્લ્ડ વોટર પાર્કમાં બની દુર્ઘટનાઃ વિદ્યાર્થિનીનું મોત

## વોટર સ્લાઈડરના દોરડામાં પગ ફસાઈ જતા ધોરણ પાંચની છાત્રાએ જીવ ગુમાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૂનાગઢ સ્કૂલપ્રવાસમાં ગયેલી એક વિદ્યાર્થિનીનું ફનવર્લ્ડમાં આકસ્મિક મોત નિપજતા ચકચાર મચી જવા પામી છે. શાળાના વિદ્યાર્થીઓ સૂરજ ફન વર્લ્ડમાં વિવિધ રાઈડની મજા માણી રહ્યા હતા ત્યારે ધો.૫ ની એક વિદ્યાર્થિની વોટર રાઈડ નજીક હતી ત્યારે તેના પગમાં ટ્યુબ લઈ જવાની દોરી ફસાઈ જતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ૧૧ વર્ષીય વિદ્યાર્થિનીને ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.



વિગતો મુજબ પોરબંદર જિલ્લાના બાપોદર ગામની શાળાના શિક્ષકો શાળાના ૫૧ વિદ્યાર્થીઓને લઈ જૂનાગઢના પ્રવાસે નીકળ્યા હતા. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ શનિવારે સવારે જૂનાગઢના અલગ અલગ સ્થળો પર ફર્યા હતા. ત્યારબાદ સાંજે જૂનાગઢમાં આવેલા સૂરજ ફન વર્લ્ડ ખાતે આવ્યા હતા અને વિવિધ રાઈડની મજા માણી રહ્યા હતા. આ સમયે ધોરણ ૫ની પાલી ટાપરિયા નામની વિદ્યાર્થિની વોટર રાઈડ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે જ ટ્યુબ લઈ જવા માટેની દોરી તેના પગમાં ફસાતા અકસ્માત સર્જાયો હતો. પાલીને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મોત નિપજતા અન્ય વિદ્યાર્થીઓમાં શોકનો માહોલ છવાયો હતો.જ્યારે આ મામલે મૃતકના પરિવારજનો દ્વારા આ મામલે પોલીસ તપાસ કરવા માંગ કરવામાં આવી છે.

# એરપોર્ટ પોલીસે પંજાબમાં વેસ્ટ પલટો કરી સગીરાનું અપહરણ કરનાર આરોપીને ઝડપી લીધો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા ગ્રામ્ય વિસ્તારમાંથી એક સગીરવની બાળા નું અપહરણ કરી ઝારખંડનો ભગાડી ગયો હોવાની ફરિયાદ એરપોર્ટ પોલીસ માં નોંધાયા બાદ આરોપી પંજાબ રાજ્યમાં હોવાની હકીકત મળતા એરપોર્ટ પોલીસે પંજાબમાં વેસ્ટ પલટો કરી આરોપીને દબોચી લઈ શકીરાને મુક્ત કરાવી હતી.



આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ એરપોર્ટ પોલીસ મથક વિસ્તારના એક ગામમાંથી ૧૬ વર્ષની સગીરાનું મૂળ ઝારખંડનો અને હાલ હિરાસર ગામે મજૂરી કામ કરવા આવેલો જીતેન્દ્રકુમાર દુ:ખન કુમાર પાસવાન નામનો પરપ્રાંતી સક્સ લલચાવી ફોટલાવી લગ્ન કરવાની લાલચ આપી સગીરાનું અપહરણ કરી નાસી ગયો હતો બનાવ બાદ એરપોર્ટ પોલીસ મથકના પીઆઇ જેએસ ગામીત ની સૂચનાથી પીએસઆઇ એકે રાઠોડ એએસઆઈ આરએચ કોડીયાતર સહિતના સ્ટાફે બાદમીદારોનું નેટવર્ક કામે લગાડી આ શખ્સ પંજાબ રાજ્યમાં હોવાની હકીકત મળતા પોલીસે પંજાબમાં જઈ વેશ પલટો કરી પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કરી ગ્રામ્ય વિસ્તારમાંથી ભોગ બનનાર સગીરાને મુક્ત કરાવી આરોપી જીતેન્દ્ર પાસવાનની ધડ પકડ કરી હતી

# હુડકો ચોકડી પાસે ૧૭૪ બોટલ મોંઘી દાટ વિદેશી દારૂ સાથે ટ્રક ચાલકની ધરપકડ

## માધવ પાર્કિંગ માં પાર્ક કરેલા ટ્રકમાં થી ભક્તિનગર પોલીસે ચોક્કસ બાતમીના આધારે દારૂનો જથ્થો ઝડપી લઈ કુલ રૂપિયા ૧૦.૭૧ લાખનો મુદ્દા માલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે હુડકો ચોકડી પાસે આવેલા બાયપાસ રોડ પર માધવ પાર્કિંગમાં પાર્ક કરેલા ટ્રકમાંથી ભક્તિનગર પોલીસે વિદેશી દારૂની મોંઘી દાટ બોટલ નંદ ૧૭૪ ઝડપી લઇ ટ્રક ચાલકની ધડ પકડ કરવામાં આવી છે.





આ અંગેની માહિતી મુજબ ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુર ધ્વજ સિંહ સરવૈયા ની સુચનાથી પીએસઆઇ એમ.એન વસાવા એએસઆઈ વાલાભાઈ ડાભી સહિત નો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસથી મળી હતી કે ચોકડી પાસે બાયપાસ રોડ પર આવેલા માધવ પાર્કિંગ માં પાર્ક કરેલો ટ્રક નંબર લષઉ બૂ ૮૫૧૯ માં દારૂનો જથ્થો હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડી રેલનગરમાં રહેતો ટ્રક ચાલક જયદીપ દીપક લહેરુ નામના શખ્સને અટકાયતમાં લઈ ટ્રકની તલાસી લેતા વિદેશી દારૂની મોંઘીદાટ બોટલ નંગ ૧૬૮ તથા છ બોટલ વેલેન્ટાઇન સ્કોચ મળી આવતા પોલીસે ટ્રક મોબાઈલ અને દારૂનો જથ્થો મળી કુલ રૂપિયા ૧૦.૭૧ લાખનો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ કરવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT